**પ્રસાર ભારતી**

**સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ**

**Date : 26-06-2026 Day: Friday Morning : 6.50 to 7.00 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

રાજ્ય – શાળા પ્રવેશોત્સવ

રાજ્યમાં ત્રણ દિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું ગઇકાલે સમાપન થયું. આ ત્રણ દિવસ દરમિયાન રાજયભરમાથી 16.35 લાખથી વધુ વિદ્યાર્થીઓએ શાળામાં નામાંકન કરાવ્યું. રાજ્યભરમાંથી દાતાઓ દ્વારા રોકડ અને વસ્તુ સ્વરૂપે કુલ 28.97 કરોડથી વધુનું દાન મળ્યું. આ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા 999 જેટલી શાળાઓમાં નવીન પરિવહન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

-------------------------------------------------------------------------------------

કચ્છ – શાળા પ્રવેશોત્સવ

કચ્છમાં ત્રિ દિવસીય પ્રવેશોત્સવ દરમિયાન આંગણવાડીથી લઈને ધોરણ 9 અને 11 ના 65291 બાળકને પ્રવેશ અપાયો હતો. અંતિમ દિન રાજ્ય મંત્રી ત્રિકમભાઈ છાંગા અને નખત્રાણા તાલુકાની વિવિધ શાળામાં બાળકોને પ્રવેશ અપાવ્યો હતો. તો આ ત્રણ દિવસ દરમિયાન સાંસદ અને ધારાસભ્યો પણ બાળકોને શૈક્ષણિક વગેરેનું વિતરણ કરી બાળકોને પ્રવેશ કરાવ્યો હતો.

દરમિયાન શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત જીએસડીએમએ ના એડિશનલ સીઈઓ અને IAS અધિકારી ધવલ પંડ્યાએ ૨૩, ૨૪ અને ૨૫ જૂન દરમિયાન મુન્દ્રા તાલુકાના ટૂંડા, મોટા કાંડાગરા, મોટી ખાખર, નવીનાળ, , કુંદરોડી, પત્રી અને લાખાપર સહિતના કુલ ૯ ગામોની ૧૮ શાળાઓમાં 531 છાત્રોને પ્રવેશ કરાવ્યો હતો.

-------------------------------------------------------------------------------------

કચ્છ : પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા

વિકસિત ભારત સંકલ્પ સંમેલન અંતર્ગત કચ્છ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભુજ ખાતે શિક્ષણ રાજ્ય મંત્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષ સ્થાને પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા યોજાઈ હતી. રાજ્યમંત્રીએ જણાવ્યું કે ધૂળમાંથી ધન પેદા કરનાર ખેડૂત રાષ્ટ્ર ઉત્થાન માટે પ્રાકૃતિક ખેતી અપનાવે તે આજની જરૂરિયાત છે.

તેમણે જણાવ્યું કે દેશનો દરેક નાગરિક સ્વસ્થ તંદુરસ્ત જીવન જીવે તે માટે પ્રધાનમંત્રી મુખ્યમંત્રી તથા રાજ્યપાલે પ્રાકૃતિક ખેતી અપનાવવા આહવાન કર્યું છે.

-------------------------------------------------------------------------------------

કચ્છ – ગેકાયદેસર ખનન કાર્યવાહી

કચ્છ જિલ્લામાં ગેરકાયદેસર ખનન અને ખનીજના બિન અધિકૃત પરિવહન સામે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઝીરો ટોલરન્સની નીતિ હેઠળ સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે આ દરમિયાન કલેક્ટર અનિલ રાણા વસિયાના માર્ગદર્શન હેઠળ છેલ્લા 24 કલાક દરમિયાન ખાવડા અને અબડાસા વિસ્તારમાં કરવામાં આવેલી બે અલગ અલગ કાર્યવાહીમાં કુલ રૂપિયા 3.75 કરોડનો મુદ્દામાલ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આગામી દિવસોમાં પણ વધુ સઘન ચેકિંગ હાથ કરવામાં આવશે અને નિયમ ભંગ કરનારાઓ સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

-------------------------------------------------------------------------------------

મોહરમ પર્વ

આજે મુસ્લિમો મહોરમનું પર્વ ગંભીરતા પૂર્વક મનાવી રહ્યા છે. મહોરમ માસની દસમીતિથિએ મહોરમ મનાવાય છે. અરબસ્તાનના કરબલાના રણ મેદાનમા હઝરત મહમદ પયગંબરના દોહિત્ર હઝરત ઇમામ હુસૈન અને તેમના 72 સાથીઓએ શહાદત વહોરી હતી. તેની સ્મૃતિ આ પર્વ મનાવાય છે. ઠેર ઠેર તાજિયા કાઢવામાં આવે છે અને મોડેથી તેને ઠંડા કરવામાં આવે છે. કચ્છમાં ભુજ, અંજાર, માંડવી, મુંદ્રા સહિત શહેરો અને ગામોમાં તાજીયા નીકળશે જેને જોવા મેદની ઉમટી પડશે. તાજિયા શાંતિથી પસાર થાય તે માટે પૂરતી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે  કચ્છમાં આ પર્વ વર્ષોથી કોમી એખલાસથી મનાવાય છે.

-------------------------------------------------------------------------------------

ભારત – આયરલેન્ડ મેચ

ભારત અને આયરલેન્ડ વચ્ચેની ટી 20 ની બે મેચની શ્રેણીનો આજથી આરંભ થાય છે. આજની પ્રથમ ટી 20 મેચ બેલ ફાસ્ટ સિવિલ સર્વિસ ક્રિકેટ ગ્રાઉન્ડ સ્ટારમેન્ટ ખાતે ભારતીય સમય મુજબ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

-------------------------------------------------------------------------------------

મહિલા – ટી-20

ભારતીય મહિલા ટીમે  બંગલાદેશની ટીમને 5 વિકેટે હરાવી મહિલા ટી 20 વિશ્વકપના ગ્રુપએમા બીજા નંબરનું સ્થાન જાળવી રાખ્યું છે. માન્ચેસ્ટર ખાતે રમાયેલી મેચમાં બંગલાદેશની ટીમે 8 વિકેટ ગુમાવી 136 રન કર્યા હતા. ભારતીય ટીમે 5 વિકેટ ગુમાવી 139 રન કરી જીત હાંસલ કરી હતી. શેફાલી વર્માએ સૌથી વધુ 53 રન કર્યા હતા, જ્યારે રાધા યાદવે બંગલા દેશની ટીમની ત્રણ વિકેટ જયારે શ્રી ચરણીએ બે  વિકેટ ઝડપી હતી.

-----------------------------------------------------------------------------------

હવામાન

આગામી સાત દિવસ કચ્છ સૌરાષ્ટ્ર વિસ્તારમાં હળવા થી મધ્યમ વરસાદ પડવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે આ તમામ વિસ્તારોમાં 40 થી 50 કિલોમીટરની ઝડપે પવન સાથે 25 થી 30 જૂન દરમિયાન ભારે વરસાદની સંભાવના છે. ગઈકાલે ગુરુવારના નખત્રાણા તાલુકાના જીયાપર, કુરબાઈ આસપાસના ગામોમાં વરસાદી આવતા ગામની શેરી અને માર્ગોમાં પાણી વહી નીકળ્યા હતા.

-----------------------------------------------------------------------------------

શિક્ષક પુરસ્કાર

શિક્ષણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારો 2026 માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ દ્વારા આ અરજીઓ

10 જુલાઇ સુધી કરી શકાશે. ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારો દર વર્ષે શાળા શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય, નવીનતા અને સમર્પણ દર્શાવનારા શિક્ષકોને આપવામાં આવે છે. તેનો હેતુ શિક્ષકોના યોગદાનને ઓળખવાનો અને પ્રોત્સાહન આપવાનો છે.

-----------------------------------------------------------------------------------